પોલીસ દ્વારા વાવ થરાદ તથા રાજકોટથી ત્રણ આરોપીને દબોચી લેવાયાં

સિનિયર સિટીઝન પાસેથી ટ્રેડિંગના બહાને રૂપિયા પડાવનાર ત્રિપુટી ઝડપાઇ

વાસણા ભાયલી રોડ પર રહેતા વૃદ્ધ સાથે રૂ.35.30 લાખની ઠગાઇ કરાઇ હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વાસણા ભાયલી રોડ પર રહેતા વૃદ્ધને શેરમાર્કેટ ટ્રેડિંગ કરી ઓનલાઇન ટાસ્કના રિવ્યુ આપવાના બહાને રૂપિયા 36.50 લાખ ટ્રાન્સફર કરાવડાવ્યાં હતા. જેમાંથી માત્ર 1.20 લાખ પરત આપ્યા હતા. જ્યારે બાકીના રૂ.35. 30 લાખ ઠગાઇ કરનાર ત્રિપુટીને વાવ થરાદ તથા રાજકોટથી પોલીસે ઝડપી પાડી હતી.

વડોદરા શહેરના વાસણા ભાયલી રોડ વિસ્તારમાં રહેતા જોયબભ્રો મુખરજી શાંતિમય (ઉં.વ.61)ને ઓનલાઇન શેર માર્કેટમાં ટ્રેડિંગ કરી તેમટ ટાસ્કના રિવ્યુ આપશો તો 10 ટકા કમિશન સાથે અનેક ગણુ

રિટર્ન મળશે તેવી લાલચ આપી જાળમાં ફસાવ્યાં હતા. જેથી વૃદ્ધ તેમની વાતોમાં આવી ગયા હતા અને તેમના કહ્યા મુજબ વિવિધ બેન્ક એકાઉન્ટમાંથી રૂપિયા 36.50 લાખ ઓનલાઇન ટ્રાન્સફર કરાવડાવ્યાં હતા. તેનો વિશ્વાલ કેળવવા માટે ઠગોએ રૂપિયા 1.20 લાખ પરત તેમના ખાતામા ટ્રાન્સફર કર્યા હતા. જ્યારે બાકીના રૂપિયા 35.30 લાખ પરત નહી આપીને વૃદ્ધા સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. જેથી વૃદ્ધે સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જેથી સાઇબર ક્રાઇમ પોલીસ દ્વારા આરોપીઓ ટેકનિકલ તથા હ્યુમન સોર્સિસના આધારે તપાસ શરૂ કરી હતી. જેમાં આરોપીઓનું લોકેશન વાવ થરાદ તથા રાજકોટની ખાતેનું મળી આવ્યું હતું. જેથી સાઇબર ક્રાઇમ પોલીસની બે અલગ અલગ ટીમ વાવ થરાદ તથા રાજકોટખાતે મોકલી આપવામાં આવી હતી. જેમાં પોલીસ દ્વારા બંને જગ્યાં પરથી ઓપરેશન હાથ ધરી ત્યાંની પોલીસની મદદ મેળવીને જયરાજ મધુ ખુમાણ (રહે. નિલશ સિટી યુનિવર્સિટી રોડ રાજકોટ) સિધરાજ રાહજી રાઠોડ (રહે.અયોધ્યોનગર સોસાયટી દીયોદર વાવ થરાદ) ધ્રુપલ દિનેશ પટેલ (રહે. અસ્થાનજી કમ્પાઉન્ડ સુરત)ને ઝડપી પાડવામાં આવ્યાં હતા. જેથી સાઇબર ક્રાઇમ પોલીસ દ્વારા ત્રણ આરોપીઓને વડોદરા લાવ્યાં બાદ તેમના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

એજ્યુકેટેડ ઠગોએ બેન્ક ખાતામાંથી રૂપિયા 8 કરોડના ટ્રાન્જકેશન થયાં

જયરાજ ખુમાણે બીએસસી, સિધરાજ રાઠોડ બી.ટેક તથા ધ્રુપલ પટેલે બીસીએ સુધીનો અભ્યાસ કર્યો છે. એજ્યુકેટેડ હોવા છતાં આ ત્રણ આરોપીઓએ ઠગાઇ કરી રૂપિયા પડાવવાનો શોર્ટ ઘંધો શોધી નાખ્યો છે. જેમાં જયરાજના બેન્ક ખાતામાં રૂ.1.70 લાખ ટ્રાન્સફર થયા છે. આ બેન્ક ખાતાનો ઉપયોગ સિધરાજ તથા ધ્રુપલ ફ્રોડના નાણા ટ્રાન્સફર કરાવતા હતા. જેમાં કુલ 8 કરોડથી વધુ નાણા ટ્રાન્સફર થયા છે. આરોપી સિધરાજ અને ધ્રુપલે બેન્ક ખાતુ સહા આરોપીઓઓને સોપી દીધુ હતું.

દિયરના ઘરેથી 72 વર્ષીય વૃદ્ધા ચાલતા વારસીયા રિંગ રોડના મકાને આવતા હતા

સાંજના સમયે વૃદ્ધાના ગળામાંથી સોનાની ચેન તોડી એક્ટિવા સવાર ગઠિયા રફુચક્કર

બુમરાણ મચાવવા લોકો મદદે આવે પહેલા ગઠિયા નો દો ગ્યારાહ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

હરણી વારસીયા રિંગ રોડ પર રહેતા 72 વર્ષીય વૃદ્ધા સાંજના ચાર વાગ્યાના સમયે એકલા ચાલતા દિયરને ત્યાંથી ઘરે પરત આવવા નીકળ્યાં હતા. તે દરમિયાન એક્ટિવા સવાર બે ગઠિયા તેમના ગળામાંથી રૂ.60 હજારના દોઢ તોલાના ચેન તોડીને રફુચક્કર થઇ ગયા હતા. જેથી વૃદ્ધાએ વારસીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે.

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલતા તથા મોપેડ પર જઇ રહેલી મહિલાઓને બાઇક સવાર ચેન સ્નેચિંગ કરતા ગેંગ દ્વારા નિશાન બનાવવામાં આવતા હોય છે. ત્યારે વધુ એક અછોડો તુટવાનો બનાવ સામે આવ્યો છે, જેમાં એવી વિગત છે કે હરણી વારસીયા રિંગ રોડ પર આવેલી સંતરામપાર્ક સોસાયટીમાં રહેતા અને નિવૃત જીવન ગુજારતા શારદાબેન વિનોદભાઇ પટેલ (ઉં.વ.72) તેમના દીયારના ઘરેથી પોતાના વારસિયા રિંગ રોડના મકાન પરત આવવા માટે ગત 6 નવેમ્બરના રોજ ચાર વાગ્યાની આસપાસ ચાલતા જઇ રહ્યાં હતા. તે દરમિયાન એક્ટિવા પર બે શખ્સ પાછળથી આવ્યાં હતા જેમાંથી એક એક્ટિવા પરથી ઉતરી ગયો હતો અને બીજો ચાલતો તેમની પાસે આવ્યો હતો. પરંતુ વૃદ્ધા કાઇ સમજે તે પહેલા તેમના ગળામાં હાથ નાખીને સોનાની રૂપિયા દોઢ દોલાની રૂપિયા 60 હજારની સોનાની ચેન તોડીને ભાગી ગયા હતા. જેથી વૃદ્ધા ગભરાઇ ગયાં હતા અને બુમરાણ મચાવી હતી. પરંતુ લોકો મદદ આવે તે પહેલા એક્ટિવા સવાર બંને ગઠિયા ખોડિયારનગરથી નાયરા પેટ્રોલપંપ તરફના જવાના રોડ પર ભાગી છુટ્યાં હતા. જેથી વૃદ્ધાએ વારસીયા પોલીસ સ્ટેશનમાં બંને ગઠિયા વિરુદ્ધ ફરિયાદ નોધાવી છે.

ન્યુ સર્જીકલ બિલ્ડીંગની બારીઓને સળીયા લગાવાયા જ નથી

SSG હોસ્પિટલના પ્રથમ માળેથી કૂદકો મારી દર્દીનો આપઘાતનો પ્રયાસ

65 વર્ષીય દર્દીને ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે ખસેડાયા

એસી યુનિટ માટે બારીના સળિયા કાપ્યા બાદ પરત વર્ષોથી ફિટ ન કરતા દર્દીને ખુલી બારી ના કારણે દર્દીને કૂદકો માર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરાની સયાજી હોસ્પિટલમાં ન્યૂ સર્જિકલ બિલ્ડિંગના પ્રથમ માળે આવેલી બારીમાંથી નીચે કૂદી 65 વર્ષીય દર્દીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગત પાંચ તારીખે અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડાયા હતા. બી યુનિટ બિલ્ડિંગ ચાલતી હતી. દરમ્યાન દર્દીએ આજે સવારે અચાનક આપઘાતનો પ્રયાસ કરતા હોસ્પિટલના તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. જો કે દર્દીનો આબાદ બચાવ થવા સાથે ફરી સારવાર શરૂ કરાઈ છે.

વડોદરા શહેરના ખોડિયારનગર ન્યૂ વીઆઈપી રોડ વ્રજધામ સોસાયટીમાં રહેતા 65 વર્ષીય દયાનંદ બાબુરાવ પવાર અકસ્માતનો ભોગ બનતા તેમને ઓર્થો બી 1 યુનિટમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. તેઓએ સવારે પોતાનો દીકરો ઘરે ગયો હતો તે દરમ્યાન સર્જિકલ બિલ્ડીંગમાં પહેલા માળે સ્પેશિયલ રૂમમાં બારીમાંથી કૂદકો માર્યો હતો. જેના પગલે હોસ્પિટલના તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. પરંતુ સદનસીબે દર્દીનો આબાદ બચાવ થયો છે. ઘટનાના પગલે કોઈ અંદર પ્રવેશી ચકાસણી ન કરે માટે હાલમાં સયાજી હોસ્પિટલમાં સ્પેશિયલ રૂમને તાળા લગાવી દેવામાં આવ્યા છે. એસી યુનિટ માટે બારીના સળિયા કાપ્યા બાદ પરત વર્ષોથી ફિટ ન કરતા દર્દીને ખુલી બારી ના કારણે દર્દીને કૂદકો માર્યો હતો.

કલાલી તળાવમાંથી કાચબાની જાહેર માર્ગ પર લટાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

કમોસમી વરસાદને કારણે શહેરના જુદા જુદા વિસ્તારોમાં વન્યજીવોએ દેખા

દીધી હતી. ખાસ કરીને દર વખતની જેમ આ વર્ષે પણ મગરો રહેણાંક વિસ્તારોમાં આવી ચડતા રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. થોડા દિવસો પૂર્વે અટલાદરા તળાવમાંથી આશરે 150 થી 200 કિલો વજન ધરાવતો મહાકાય કાચબો માર્ગ પર આવી જતા પ્રાણી પ્રેમીઓ દ્વારા તેને સહીસલામત તેના વાતાનુકુલીત વાતાવરણમાં છોડી મુકવામાં આવ્યો હતો. જે બાદ કલાલી તળાવમાંથી પણ બહાર આવી મહાકાય કાચબાએ જાહેર માર્ગ પર લટાર મારી હતી. મોટી ઉંમરનો કદાવર કાચબો જાહેર માર્ગ પર નીકળતા રાહદારીઓમાં કુતૂહલ સર્જાયું હતું. જીવદયાના પાર્થભાઈ દ્વારા સિફતથી કાચબાનું રેસ્ક્યુ કરીને પુનઃ કલાલી તળાવમાં છોડી દેવાયો હતો.

દુકાનદારે ત્રણ મિત્રો પાસેથી 1.26 લાખ પડાવી લીધા હતા

ઈલોરાપાર્કમાં મોંઘા મોબાઈલ સસ્તામાં આપવાના બહાને 75 હજારની ઠગાઈ

દિવ્યેશ ભટ્ટે ઠગ ભાવિન શાહ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.8

ઈલોરા પાર્કમાં કપડા, મોબાઈલ ઘડિયાળ સહિતનો સામાન વેચાણ કરનાર ઠગ વેપારી ત્રણ યુવકોને સસ્તામાં મોબાઈલ આપવાના બહાને તેમની સાથે રૂપિયા 75 હજારની ઠગાઈ આચરવામાં આવી છે. જેમાં ત્રણ મિત્રો પાસેથી રૂપિયા 1.26 લાખ પડાવી લીધા હતા જેમાંથી વારંવાર માગણી કરતા માત્ર રૂ.51 હજાર પરત માંગ્યાં હતા. જેથી યુવકે ઠગ ભાવિનશાહ સામે છેતરપિંડની ફરિયાદ નોધાવી છે.

વડોદરા શહેરના લક્ષ્મીપુરા ગામે શિવાલય રેસિડેન્સમાં રહેતા દિવ્યેશભાઇ પ્રવિણચંદ્ર ભટ્ટ લોન કન્સલ્ટન્સીનું કામ કરે છે. ઈલોરાપાર્ક ખાતે કપડા, મોબાઈલ, ઘડિયાળ સહિતના દુકાન ચલાવતા ભાવિન શાહ મિત્ર સમીરભાઈ કિશોરચંદ્ર આચાર્ય ઓળખતા હતા. જેથી દિવ્યેભ ભટ્ટ પણ ગોત્રી રોડ પર આવેલી ઓફિસ પર બેસવા માટે જતો હતો. ભાવિન શાહ સસ્તા ભાવના મોબાઈલનું વેચાણ કરતો હોવાનું સ્ટેટસ મુકતો હતો. જેથી યુવકે સ્ટેટસ જોઈને સેમસંગ ગેલેક્સી અલ્ટ્રા 24 મોબાઈલ ખરીદવાનો હોય તેને કિંમત પુછતા તેણ રૂપિયા 58 હજાર જણાવ્યું હતું. જેથી અન્ય જગ્યા કરતા ભાવ ઘણો ઓછો લાગતા વિશ્વાસમાં આવી ગયો હતો અને ભાવિન શાહ પાસે મોબાઈલ મંગાવ્યો ઓનલાઈન મંગાવ્યો હતો. ત્યારે ભાવિન શાહે મોબાઈલના રૂપિયા એડવાન્સમાં આપવા પડશે તેમ જણાવી રૂ.51 હજાર તેને આપી દીધા હતા. જ્યારે બાકીની રકમ મોબાઈલની ડિલિવરી મળ્યાં બાદ આપવાના રહેશે અને બેથી ત્રણ દિવસમાં કુરીયર દ્વારા એડ્રેસ પર મોબાઈલ આવી જશે તેમ જણાવ્યું હતું. પરંતુ ડિલિવરી નહી મળતા યુવકે ભાવિન શાહને વાત કરતા ઠગ ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. જેથી યુવકે તપાસ કરતા ભાવિન શાહે મોબાઈલ ખરીદી આપવાના બહાને મિત્ર કિરણ ત્રિકમ મિસ્ત્રી પાસેથી રૂપિયા 50 હજાર તથા સમીર શાહ પાસેથી રૂપિયા 25 હજાર પડાવી લીધી હતા. ભાવિન શાહે ત્રણ યુવકો પાસેથી મોબાઈલ અપાવવાના બહાને રૂ.1.26 લાખ પડાવી લીધા હતા. તેની પાસે વારંવાર માગણી કરતા માત્ર રૂ.51 હજાર પરત આપ્યા હતા જ્યારે રૂ.75 હજાર આજદીન સુધી નહી આપી ત્રણ મિત્રો પાસે ઠગાઈ કરી હતી. જેથી એક મિત્ર દિવ્યેશ ભટ્ટે ઠગ ભાવિન શાહ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

વિમેન્સ વર્લ્ડકપ ટીમ ઈન્ડિયાની બોલર રાધા યાદવનું ભવ્ય સ્વાગત

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

આઈસીસી વુમન્સ ક્રિકેટ વર્લ્ડ કપમાં ચેમ્પિયન ટીમ ઈન્ડિયાની ઓલ રાઉન્ડ અને બરોડીયન રાધા યાદવ વડોદરામાં હવાઈ માર્ગે આવી પહોંચી હતી. એરપોર્ટ પર ક્રિકેટ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. જે બાદ એરપોર્ટથી છ કિલોમીટરનો તેનો ભવ્ય રોડ શો યોજાયો હતો.

મુંબઈમાં મિલેનિયમ વર્ષના એપ્રિલ મહિનાની તારીખ 21મી એ જન્મેલી રાધા યાદવ રાઈટ હેન્ડ બેટીંગ અને લેફ્ટ આર્મ ઓર્થોડોક્સ બોલર છે. એક સામાન્ય પરિવારથી આવતી રાધાને સફળ ક્રિકેટર બનાવવા માટે તેના પિતા ઓમ પ્રકાશ વડોદરા આવ્યા હતા મૂળ ઉત્તર પ્રદેશના પત્ની એવા યાદવ પરિવારે રાધાનું કોચિંગ 12 વર્ષની વહેતી જ શરૂ કરાવ્યું હતું રાધા એ વર્ષ 2018માં દક્ષિણ આફ્રિકા સામે ટી 20 માં 17 વર્ષની ઉંમરે ડેબ્યૂ કર્યું હતું. ઓલ રાઉન્ડર તરીકે સતત પર્ફોર્મન્સ આપતી રાધા નો આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપની ટીમ ઈન્ડિયામાં

સમાવેશ થયો હતો. ટીમ ઈન્ડિયા ઈતિહાસમાં સર્વપ્રથમ વખત વર્લ્ડ ચેમ્પિયન બનતા ચર્ચાના કેન્દ્રમાં છે. ચેમ્પિયન ટીમની ઓલ રાઉન્ડ ખેલાડી રાધા યાદવ આજે હરણી એરપોર્ટ ખાતે આવી હતી. જે બાદ કૃગારા ક્રિકેટ એકેડમી દ્વારા તેનો ભવ્ય રોડ શો યોજાયો હતો. હરણી એરપોર્ટથી ખુલ્લા વાહનમાં રાધા યાદવના 6 કિલોમીટર રોડ સોની શરૂઆત થઈ હતી. જેમાં રાધાના કોચ કેટલાક ક્રિકેટર્સ અને મોટી સંખ્યામાં ક્રિકેટના ચાહકો જોડાયા હતા. જેને લઈને હરણી અને કારેલીબાગ પોલીસ દ્વારા રોડ શો ના રૂટ ઉપર બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

સયાજીગંજ PI ઝેડ એન ઘાસુરાની બદલી, ફર્સ્ટ PI તરીકે એસ જે પંડ્યા

(પ્રતિનિધિ) વડોદાર તા.8

પોલીસ કમિશનર દ્વારા એક જ જગ્યા પર વધુ સમયથી ફરજ બજાવતા હોય તેમના અધિકરી અને કર્મચારીની બદલી આંતરિક રીતે કરતા હોય છે અથવા તો અધિકારી કે કર્મચારી કોઈ વિવાદમાં સપડાય તેમજ તેમની નિરસ કામગીરીના કારણે પણ આ કર્મચારીની તાત્કાલિક અસરથી બદલી કરી દેવામાં આવતી હોય છે. સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ સયાજીગંજ પોલીસ સ્ટેશનના પી આઇ ઝેડ એન ઘાસુરીની છેલ્લા કેટલાક સમયથી કામગીરી દેખાતી ન હતી ત્યારે આ ઉદાસીનતા ભરી કામગીરીના કારણે પીઆઈની બદલી કરીને તેમને લાઇસન્સ બ્રાન્ચમાં મુકી દેવામાં આવ્યાં છે. જ્યારે તેમની જગ્યા પર સયાજીગંજ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ પોલીસ ઇન્સ્પેક્ટર તરીકે એસ જે પંડ્યાની ફર્સ્ટ પીઆઇ તરીકે નિમણૂક કરવામાં આવી છે. ત્યારે આગામી દિવસોમાં અન્ય પીઆઇ પર બદલીનો ગંજીપો ચીપવામાં આવે તો નવાઇ નહી તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

GSEBની ધો.10-12ની તા.26 ફેબ્રુ.થી 16 માર્ચ દરમિયાન પરીક્ષા યોજાશે

પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબસાઇટ www.gseb.org ઉપર મૂકાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

સીબીએસઈએ પરીક્ષાની તારીખ જાહેર કર્યા બાદ હવે જીએસઈબીએ પણ ધો.10 અને 12ની પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર કર્યું હતું. ગુજરાત શિક્ષણ બોર્ડની પરિક્ષા તા.26 ફેબ્રુઆરીથી તા.16 માર્ચ દરમ્યાન યોજાશે. બોર્ડની પરિક્ષાઓને લઈ પૂર્વ તૈયારીઓ શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરી દેવામાં આવી ગઈ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-10 , સંસ્કૃત પ્રથમા અને ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત મધ્યમાના ઉમેદવારોની ફેબ્રુઆરી-માર્ચ-2026 માં લેવાનાર મુખ્ય પરીક્ષા તા.26 ફેબ્રુઆરીથી તા.16 માર્ચ દરમ્યાન યોજાનાર છે. આ પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબસાઇટ www.gseb.org ઉપર મૂકવામાં આવેલ છે. જેની તમામ વિદ્યાર્થીઓએ, વાલીઓ તથા શાળાના આચાર્યોએ નોંધ લેવા જણાવાયું છે. નોંધનીય છે કે, ગુજરાત શિક્ષણ બોર્ડની ફેબ્રુઆરી 2026માં યોજાનારી બોર્ડની પરીક્ષા માટે શુક્રવાર બપોરે 12 વાગ્યાથી બોર્ડની સત્તાવાર વેબસાઇટ gseb.org પરથી ઓનલાઈન ફોર્મ ભરવાની શરૂઆત કરાઈ હતી. જેમાં આગામી 6 ડિસેમ્બર, 2025ની રાત્રે 12 વાગ્યા સુધી આવેદન કરી શકાશે.

રાજપુતાના ઈન્ડસ્ટ્રીઝે EBITDAમાં 47%ની વાર્ષિક વૃદ્ધિ મેળવી

વડોદરા - રાજપુતાના ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ નોન-ફેરસ મેટલ પ્રોડક્ટ્સના મેન્યુફેક્ચરિંગમાં પ્રખ્યાત નામે નાણાકીય વર્ષ 26ના પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.

પ્રદર્શન વિશે રાજપુતાના ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મતી શિવાની શેખે જણાવ્યું, "નાણાકીય વર્ષ 26નો પ્રથમ અર્ધવાર્ષિક ગાળો સ્થિર કાર્યકારી પ્રગતિને દર્શાવે છે અને અમારા સંકલિત, રિસાયક્લિંગ-આધારિત બિઝનેસ મોડેલની તાકાતને મજબૂત બનાવે છે. આવક અને નફાકારકતામાં અમારી સતત વૃદ્ધિ શિસ્તબદ્ધ અમલીકરણ, સુધારેલી કાર્યક્ષમતા અને કોપર, એલ્યુમિનિયમ, બ્રાસ અને એલોય પ્રોડક્ટ્સમાં મજબૂત માંગને પ્રકાશિત કરે છે. ઈલેક્ટ્રિક મોબિલિટી, રીન્યુએબલ એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈન્ડસ્ટ્રિયલ એપ્લિકેશન્સ દ્વારા સંચાલિત ઉદ્યોગની અનુકૂળ પરિસ્થિતિઓ અમારા પ્રદર્શનને ટેકો આપવાનું જાળવી રાખે છે.

ગોરવા વિસ્તારમાં રહેતી પરીણીતાને લગ્નના પંદર દિવસ બાદ ત્રાસ આપવાનું શરૂ કર્યું

દહેજ પેટે ટ્રક માટે પાંચ લાખ માગી પરિણીતાને પતિ સહિતના સાસરીયા ઘરમાંથી કાઢી મુકી

પતિએ તલાક આપી દે તેમ કહી ઘરમાંથી કાઢી મુકતા પરિણીતાએ પોલીસના દ્વાર ખખડાવ્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.8

ગોરવા વિસ્તારમાં રહેતી પરીણીતાને સાસરીમાં તેના પતિ સહિતના સાસરીયા લગ્નના પંદર દિવસ બાદ ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. તારો બાપ ભિખારી છે તેણે દહેજમાં કોઇ આપ્યું નથી, ધંધા માટે ટ્રક લેવા દહેજ પેટે રૂપિયા પાંચ લાખની માગણી કરી પતિએ તલાક આપી તેમ કહીને પરીણિતા પર શારીરિક માનસિક ત્રાસ આપતો હતો. ત્યારબાદ પરીણીતાને પુત્ર સાથે ઘરમાંથી કાઢી મુકતા મહિલાએ પોલીસના દ્વાર ખખડાવ્યાં છે.

વડોદરા શહેરના નવાયાર્ડ ડીકેબિન વિસ્તારમાં આવેલા રોશનપાર્કમાં રહેતા રીઝવાનબાનુ વાસીદખાન પઠાણે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના લગ્ન ગોરવા વિસ્તારમાં આવેલા રમેશનગરમાં રહેતા વાસીદખાન સાથે વર્ષ 2016માં લગ્ન થયા હતા પરંતુ લગ્નના પંદર દિવસ બાદ પતિ સહિતના સાસરીયાઓએ નાની નાની વાતોમાં ત્રાસ આપવા સાથે ઝઘડા કરવાનું શરૂ કરી દીધુ હતું. પતિ સહિતના સાસરીયા પરીણીતાને વારંવાર મ્હેણા ટોણા મારીને હેરાન પરેશાન કરતા હતા. ઉપરાંત તારો બાપ ભિખારી છે દહેજમાં કોઇ આપ્યુ નથી ધંધા માટે ટ્રક લેવા દહેજ પેટ રૂપિયા પાંચ લાખની માગણી કરતા હતા અને પતિ પણ તેને તલાક આપી દેવા માટે વારંવાર દબાણ કરી રહ્યાં હતા. જેથી અતિશય ત્રાસથી પરીણતા કંટાળી ગઇ હતી પરંતુ ઘર સંસાર ના બગડે તથા પોતાની ભવિષ્યને ધ્યાનમાં રાખીના ત્રાસ સહન કરતી હતી. દરમિયાન પરીણીતા તથા તેના પુત્રને ઘરમાંથી ગાળો ભાંડી તેમજ શારીરિક માનસિક ત્રાસ આપીને પહેરેલા કપડે કાઢી મકી હતી. જેથી પિયરમાં ગયેલી પરીણીતાએ નોંધાવેલી ફરિયાદના આધારે મહિલા પોલીસે પતિ વાસીદખાન મુખ્યત્યારન પઠાણ, મુખ્ત્યારખાન અબ્દુલગની પઠાણ , નાથિયાબુ પઠાણ તથા રાસીદખાન પઠામ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

શેરા એનર્જીએ PBTમાં 62%નો શાનદાર ઉછાળો નોંધાવ્યો

વડોદરા : શેરા એનર્જી લિમિટેડ, નોન-ફેરસ મેટલ્સમાંથી બનેલા વાઇન્ડિંગ વાયર અને સ્ટ્રીપ્સના અગ્રણી મેન્યુફેક્ચરર્સ પૈકીની એકે નાણાકીય વર્ષ 26ના પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. પ્રદર્શન વિશે, શેરા એનર્જી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર નસીમ શેખે જણાવ્યું, "છેલ્લા કેટલાક વર્ષોમાં, અમે વૃદ્ધિ, વૈવિધ્યકરણ અને ખર્ચ કાર્યક્ષમતા પર સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરીને શેરા એનર્જીનું નિર્માણ કર્યું છે. નાના સેટઅપથી, અમે ક્ષમતાઓનો વિસ્તાર કરીને, પશ્ચાદવર્તી એકીકરણને મજબૂત કરીને અને કાર્યકારી શિસ્ત જાળવીને અનેક ગણો વિકાસ કર્યો છે. ઝામ્બિયામાં અમારો આગામી કોપર કેથોડ પ્લાન્ટ અમને કાચા માલમાં આત્મનિર્ભર બનાવશે અને અમારા માર્જિનમાં સુધારો કરશે. ભારતમાં, અમે પાવર અને રિન્યુએબલ એપ્લીકેશન્સમાં ઉપયોગમાં લેવાતા સોલાર રિબન, કંડક્ટર અને સ્પેશ્યલાઇઝ્ડ વાયરનું ઉમેરણ કરી રહ્યા છીએ,

લાલબાગ ખાતે એસઆરપી ગ્રુપમાં પ્રથમ બેચમાં ૬૦ આપદા મિત્રોને અપાઇ તાલીમ

આપદા મિત્રોને આપત્તિ નિવારણના વિવિધ પાસાઓની તાલીમ આપવાના કાર્યક્રમનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

રાષ્ટ્રીય આપદા વ્યવસ્થાપન પ્રાધિકરણ દ્વારા શરૂ કરાયેલ યુવા આપદા મિત્ર યોજના દેશના યુવાનોમાં આપદા વ્યવસ્થાપન પ્રત્યે જાગૃતિ, કુશળતા તેમજ જવાબદારીની ભાવના વિકસાવવા માટેની અનોખી પહેલ છે. ગુજરાત રાજ્ય આપદા વ્યવસ્થાપન પ્રાધિકરણ દ્વારા આ યોજના રાજ્યના સત્તર જિલ્લાઓમાં સફળતાપૂર્વક અમલમાં મુકાઈ છે.

આ યોજનાનો બીજો તબક્કો "મેરા યુવ ભારત" શીર્ષક હેઠળ એક નવેમ્બર, બે હજાર પચ્ચીસથી શરૂ થયો છે. આ તબક્કા અંતર્ગત નિવાસી અધિક કલેક્ટર બી. એસ. પટેલ તથા જિલ્લા નોડલ અધિકારી (યુ.એ.એમ.એસ.)ના માર્ગદર્શન હેઠળ સાત દિવસીય નિવાસી તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ કાર્યક્રમની પ્રથમ બેચમાં ૬૦ આપદા મિત્રોએ સફળતા

પૂર્વક આપદા મોચનના વિવિધ પાસાઓનું જ્ઞાન મેળવ્યું છે.

વડોદરા જિલ્લાના તાલીમ કાર્યક્રમનું આયોજન રાજ્ય અનામત પોલીસ સમૂહ-૧ તેમજ રાજ્ય આપદા મોચન દળના કેમ્પ, લાલબાગ નજીક કરવામાં આવ્યુ હતું. દરમ્યાન તાલીમ કાર્યક્રમમાં જિલ્લાનાં પસંદગી કરાયેલા યુવાનોને વિવિધ પ્રકારની આપદાઓનો સામનો કરવા માટે માર્ગદર્શન અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે.

આ તાલીમનો મુખ્ય હેતુ યુવાનોને કુદરતી તેમજ માનવસર્જિત આપદાઓ સામે સજ્જ બનાવવાનો છે. તાલીમ દરમિયાન ભૂકંપ, પૂર, વાવાઝોડા, આગ લાગવી, પ્રથમ સારવાર, બચાવ તકનીકો, સાપ અથવા અન્ય પ્રાણીઓના દંશ સમયે કરવાં યોગ્ય પગલાં જેવી અગત્યની બાબતો અંગે જાણકારી આપવામાં આવી હતી.

સમા ગામમાં એક રાતમાં બે મકાનમાં તસ્કરો ત્રાટક્યાં, રૂ.5.73 લાખની ચોરી

તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમની સાફસુફી કરી ચોરો પલાયન

(પ્રતિનિધિ) વડોદરા તા.8

દિવાળીના તહેવારની રજામાં સમા ગામમાં રહેતા બે પરિવાર બહાર ફરવા માટે ગયા હતા. દરમિયાન તસ્કરોએ એક જ રાત્રીના સમયે તેમના બંધ મકાનને મોડી રાત્રીના સમયે ટાર્ગેટ કર્યાં હતા. ત્યારબાદ તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી રૂ. 5.73 લાખની મતાની ચોરી કરી પલાયન થઇ ગયા હતા. જેથી વૃદ્ધે પરત આવીને ચોરીની ફરિયાદ સમા પોલી સ્ટેશનમાં નોંધાવી છે.

વડોદરા શહેરના લારામ મંદિર પાછળ આવેલી સમા ગામમાં રહેતા કમેલશભાઇ કલ્યાણભાઇ કોન્ટ્રાક્ટર પોતાના પરિવાર સાથે દિવાળાની તહેવારની રજાઓ દરમિયાન 3 નવેમ્બરના રોજ મકાનના દરવાજાના તાળુ મારીને હરદ્વારના પ્રવાસે ગયા હતા. તે દરમિયાન તેમના મકાનના દરવાજાની ગ્રીલનો નકુચો તોડીને તસ્કરો ઘરમાં પ્રવેશ્યાં હતા. ત્યારબાદ ઘરવખરી સહિતનો સામાન અસ્ત વ્યસ્ત કરી નાખ્યાં બાદ તિજોરીના દરવાજા ખોલી ડ્રોવરોમા મુકેલા સોનાના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી રૂ. 4.26 લાખની માલમતાની સાફસુફ કરીને પલાયન થઇ ગયા હતા. દરમિયાન 3 નવેમ્બરનારોજ વૃદ્ધાના ભત્રીજાએ તેમના પુત્રને ફોન કરીને તમારા મકાનનો દરવાજો તુટેલી હાલતમાં હોય ચોરી થઇ છે. જેથી પિતા પુત્રો સહિતના પરિવાર ઘરે પરત દોડી આવ્યો હતો. ત્યારે જાણવા મળ્યું હતું. તસ્કરોએ તેમના મકાનને નિશાન બનાવ્યાં બાદ પાડોશી શિવા પ્રેમચંદ ઠાકુરના મકાનનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ્યાં હતા અને તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ મળી રૂ. 1.47 લાખની ચોરી કરી ફરાર થઇગયા હતા. જેથી વૃદ્ધે સમા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે તસ્કરોનું પગેરુ મેળવવા તજવીજ હાથ ધરી છે.